તા.૨૪.૧૧.૨૦૨૬

પો.સ.ઇ. કેડરની નવી ભરતી તથા લોકરક્ષક કેડરની જગ્યામાં થયેલ વધારા બાબત

(1) ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ગ-૩માં બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટની – ૨૨૫ જગ્યા તથા જેલર ગૃપ-૨ (મહિલા)ની – ૧૬ જગ્યા મળી પો.સ.ઇ. કેડરની કુલ-૨૪૧ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે દૈનિક પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉમેદવારો તા.૨૬.૧૧.૨૦૨૬ના રોજ ક.૧૪:૦૦ થી https://ojas.gujarat.gov.in ઉપર ફક્ત ઓનલાઇન અરજી કરી શકાશે.

➢ દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ પો.સ.ઇ. કેડરની જાહેરાત જોવા માટે અહીં **ક્લીક કરો....**

(2) લોકરક્ષક કેડરના વિવિધ સંવર્ગોની કુલ - ૨૮૪૧ ખાલી જગ્યાઓ નિયમોનુસાર સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા તા.૨૦.૧૧.૨૦૨૬ના રોજ દૈનિક પત્રોમાં જાહેરાત આપવામાં આવેલ. સરકારશ્રીના ગૃહવિભાગ તરફથી લોકરક્ષક કેડરની વધુ જગ્યા મંજુર થયેલ છે. જેથી તા.૨૦.૧૧.૨૦૨૬ના રોજ આપવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ લોકરક્ષક કેડરની ખાલી જગ્યાના બદલે હવે નીચે મુજબ ખાલી જગ્યા ધ્યાને લેવાની રહેશે.

અ.નં.	જાહેરાત ક્રમાંક	સંવર્ગ	ખાલી જગ્યા
૧	GPRB/202627/1	બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC)	8233
		હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC)	1132
		હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF)	3107
		જેલ સિપાઇ (પુરૂષ)	251
		જેલ સિપાઇ (મહિલા / મેટ્રન)	29
		કુલઃ	**12752***

* **નોંધઃ** ઉપરોક્ત જગ્યામાં ફેરફાર થઇ શકે છે.

તા.૨૦.૧૧.૨૦૨૬ના રોજ આપવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ લોકરક્ષક કેડરની ખાલી જગ્યામાં થયેલ ઉપરોક્ત ફેરફાર સિવાયની બાકી તમામ સુચનાઓ યથાવત રહેશે.